## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબને ગરીબોની વ્યથાનો અનુભવ કરવો છે... જેથી મોંઘવારી સામે પગલા લઇ શકાય... જાવ... વિરોધ પાર્ટીએ પાણીમાં તળેલા ભજીયા સાહેબ માટે લઇ આવો...!!**

# શહેરમાં ૫૦થી વધુ માઈક્રોન પ્લાસ્ટીક બેગનો વપરાશ વધ્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલ પ્લાસ્ટીક ઝુંબેશ ચાલી રહી છે. વેપારીઓ પર પ્લાસ્ટીકની ચીજવસ્તુ રાખવા પર તવાઈ ચાલી રહી છે. શહેરમાં તંત્રની બે ટીમ દ્વારા પ્લાસ્ટીક ઝપ્ત કરવામાં આવે છે. અત્યાર સુધીમાં કેટલાય કિલો પ્લાસ્ટીક બેગ ઝડપી પાડી વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરતા વેપારીઓમાં ફફળાટ ફેલાયો છે. ત્યારે તંત્રની કાર્યવાહીને અનુલક્ષી વેપારીઓમાં પણ રહી રહી ને પ્લાસ્ટીક અંગે જાગૃતિ આવી હોય તેમ ૫૦ થી વધુ માઈક્રોનની પ્લાસ્ટીકની ચીજવસ્તુનો વપરાશ કરતા નજરે પડે છે. શહેરના બજારોમાં વધુ માઈક્રોનવાળી બેગના વેચાણમાં વધારો થવા પામ્યો છે તેમજ વેપારીઓને ૩૦ થી ૪૦ ટકાનો આર્થિક બોજ પણ વેઠવાનો વારો આવ્યો છે.

શહેરમાં આવેલા લારી-ગલ્લા તેમજ વેપારીઓની દુકાનોમાંથી પ્લાસ્ટીકની બેગ ઝપ્ત કરવામાં આવી રહી છે. શહેરમાં પ્લાસ્ટીકની ચીજવસ્તુનું ચલણ વધી જવા પામ્યું હતું. પર્યાવરણ માટે ઓછા માઈક્રોનની પ્લાસ્ટીક બેગ તેમજ ચીજવસ્તુ ઝોખમી પુરવાર થઈ શકે છે. શહેરીજનો દ્વારા નાંખી દીધેલા કચરામાં પ્લાસ્ટીકની વસ્તુ નાંખી દેતા પશુઓ આરોગતા તેમના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થયો છે. તંત્રની બે ટીમ દ્વારા શહેરના વિવિધ સ્થળો પર આવેલ દુકાનોમાં ચકાસણી હાથ ધરીને ૫૦ ટકાથી ઓછી માઈક્રોન પ્લાસ્ટીકની ચીજવસ્તુ ઝડપી લેવામાં આવે છે. જેમાં મસાલાના કાગળીયા, ચાના કપ, શાકભાજીમાં વપરાતી બેગ નો સમાવેશ થાય છે. નગરમાં પ્લાસ્ટીક ચીજવસ્તુ વાપરતા વેપારીઓ પર તંત્રની તવાઈ જોતા વેપારીઓએ વધુ માઈક્રોનની પ્લાસ્ટીક બેગ વપરાશમાં લેવાનો નિર્ણય કર્યો છે. નગરના મોટાભાગના વેપારીઓએ ૫૦ થી વધુ માઈક્રોનવાળી બેગ વપરાશમાં લેવાનું શરુ કર્યું છે. પ્લાસ્ટીકના વેપારીઓએ ચીજવસ્તુના ભાવમાં વધારો ઝીંકી દીધો છે. લારી-ગલ્લાવાળા વેપારીઓને પ્લાસ્ટીકની બેગમાં કિલોએ ૩૦ થી ૪૦ ટકાનો ભાવ વધારાનો આર્થિક બોજ સહન કરવો પડે છે. જયારે વેપારીઓમાં તંત્રની પ્લાસ્ટીક ઝુંબેશને પગલે વેપારીઓમાં ફફળાટ જોવા મળે છે.

**પ્લાસ્ટીકના વેપારીઓએ રાતોરાત ભાવ વધારો ઝીંકયો**

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લા પંચાયતમાં આજે આંગણવાડીના કાર્યકરમાંથી મુખ્ય સેવિકાની બઢતી માટે ખાતાકીય પસંદગી સમિતિની બેઠક મળી હતી.

● ગાંધીનગર જિલ્લામાં આજે આરોગ્યતંત્રની બેઠકોનો દોર છે.

● આજે ગ્રામ વિકાસ કમિશનરે સ્વચ્છ ભારત મિશન, પ્રધાનમંત્રી આવાસ યોજના અને મનરેગા સહિતના પ્રોગ્રામોની સમીક્ષા કરતી વી.સી. યોજી હતી.

● માણસા તાલુકાના પાટણપુરા ગામે હયાત ૩ મીટરના રોડને ૩.૭૫ મીટર પહોળો કરવાની કામગીરી પોલીસ બંદોબસ્ત સાથે કરવામાં આવી હતી.

● ૪થી જુલાઈના રોજ મહિલા, બાળ અને યુવા પ્રવૃત્તિ સમિતિની બેઠક મળશે.

● ગાંધીનગર શહેર અને માણસામાં આજે વરસાદના હળવા ઝાપટા નોંધાયા હતા.

● ગાંધીનગર તાલુકા પંચાયતના નવા સભાખંડના આરંભે પંચાયતના કર્મચારીઓ, અધિકારીઓ અને પદાધિકારીઓએ મોહનથાળ, દૂધપાક અને ફરસાણ સાથેનું ભોજન લીધુ હતુ.

● જિલ્લા કલેક્ટર સતીષ પટેલ આજે જિલ્લા પંચાયતમાં આઈસીડીએસની બેઠકમાં હાજરી આપવા આવ્યા હતા.

● ગિફ્ટ સીટીમાં શ્રમજીવીના બાળકો માટે આંગણવાડી કેન્દ્ર શરૂ થયું છે જ્યાં ૪૫થી વધુ બાળકો નોંધાયા છે.

# એસટી ડેપોના ડ્રાઈવર-કંડકટરોએ પડતર પ્રશ્નો અંગે આવેદનપત્ર પાઠવ્યું

ગાંધીનગર, તા. ૨૯

ભારતીય મઝદુર મહાસંઘના નેજા હેઠળ ગાંધીનગર એસટી ડેપોમાં ફરજ બજાવતા ડ્રાઈવર-કંડકટરોએ વર્ષોથી પડી રહેલા પડતર પ્રશ્નો અંગે વિભાગીય વડાને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે. એસટી ડેપો ખાતે એકઠા થયેલા ડ્રાઈવર-કંડકટરોએ સુત્રોચ્ચાર કરી તંત્ર સમક્ષ પોતાનો રોષ ઠાલવ્યો હતો.

આ કર્મચારીઓના વર્ષોથી પ્રાણ પ્રશ્નો અંગે કોઈ નિર્ણય ના આવતા તેઓ રોષે ભરાયા છે. રાજયભરમાં એસટી નિગમના કર્મચારીઓ માટે ત્રણ મજદુર યુનિયન કાર્યરત છે. આજે ગાંધીનગર એસટી ડેપોમાં કર્મચારી તરીકે ફરજ બજાવતા કર્મચારીઓએ વિભાગીય વડાને પડતર પ્રશ્નોને લઈ આવેદન પત્ર પાઠવ્યું છે. જેમાં ૪૪ જેટલા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કર્મચારીઓની સ્લીપ કાયમી મળતી નથી તે દર વર્ષે મળવી જોઈએ, ટોલટેકસ નાબુદ કરવો, મહિલા કર્મચારીઓ માટે ડેપોમાં શૌચાલય અને સ્પેશીયલ રુમ ફાળવવો, ફીકસ પગારદારોને પાંચ વર્ષ પૂર્ણ થતા કાયમી કરવા, સેટલમેન્ટની કલમનો વારંવાર થતો દુરઉપયોગ અટકાવવો, ડયુટીમાં થતા મનસ્વી ફેરફાર બંધ કરવા, ગણવેશનું કાપડ અને નિયમ મુજબ સિલાઈ ફી આપવા સહિતના મુદાઓનો સમાવેશ થાય છે.





# ગાંધીનગરમાં ૪.૭૦ કરોડનું નવનિર્મિત નશાબંધી ભવન

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાત રાજ્યના નશાબંધી આબકારી વિભાગના રૂ. ૪ કરોડ ૭૦ લાખના ખર્ચે નવનિર્મિત નશાબંધી ભવનનું આજે ગાંધીનગરમાં લોકાર્પણ કર્યુ હતું. ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીભાઈ પટેલ, અધિક મુખ્યસચિવશ્રી સુજિત ગુલાટી, નિયામકશ્રી કુમાર સહિતના વરિષ્ઠ અધિકારીઓ, આમંત્રિતો આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ સમગ્ર સંકુલની મૂલાકાત લઈ અદ્યતન સુવિધાઓનું નિરીક્ષણ તેમજ અધિકારીઓનું માર્ગદર્શન કર્યુ હતું. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે અગાઉ અમદાવાદ મેઘાણીનગરમાં ન્યૂ મેન્ટલ કમ્પાઉન્ડમાં કાર્યરત આ કચેરીનું પોતીકું આગવું ભવન રૂ.૪ કરોડના ખર્ચે તૈયાર થતાં હવે નશાબંધી-આબકારી વિભાગની મુખ્ય કચેરી આ નવનિર્મિત ભવનમાં કામકાજ કરતી થઈ જશે.

# સેક્ટર-૨૮ના યુવાનોનું વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૨૯

આજના સમયમાં જ્યારે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મીંગની સમસ્યા સામે ઝઝુમી રહ્યું છે અને આ વર્ષે રેકોર્ડ બ્રેક ગરમી પડી છે ત્યારે સેક્ટર-૨૮ બનાસકાંઠા સોસાયટીની સામે રહેતા યુવાનોએ વૃક્ષારોપણ કરવાનું નક્કી કર્યુ હતુ.



આ સદ્‌કાર્યમાં ધ્રુવ ફાલ્ગુનભાઈ વોરા, મહિપાલસિંહ રાઓલ, અનુજ પટેલ, વિશ્વરાજસિંહ જેઠવા, જયેશ અસાવા, હેમીશ પટેલ આ છ માત્ર વૃક્ષારોપણ જ નહિ પરંતુ વૃક્ષોનું જતન અને ઉછેર થાય તે માટે પ્રતિજ્ઞા લીધી હતી. યુવાનોએ વૃક્ષારોપણ કર્યુ હતુ. યુવાનો જ્યાં બેસીને વાતો કરતા હતા, ક્રિકેટ રમતા હતા તે જ મેદાનમાં બેસીને એક વિચાર આવ્યો કે આ ખુલ્લી જગ્યામાં લીમડા વાવીએ અને છ મિત્રોએ ભેગા મળીને દસ જેટલા લીમડા વાવ્યા અને તેને ઉછેરવાની જવાબદારી પણ વહેંચી લીધી અને તેમને આશા છે કે આ રોપા એક દિવસ ઉગીને વટવૃક્ષ બનશે જેથી પર્યાવરણને પણ ફાયદો થશે. આ કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તથા અગ્રણી સમાજ સેવક જીલુભા ધાંધલનો ખુબજ સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ પ્રસંગે સમગ્ર યુવાનોની ટીમ તેમનો તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાનો આભાર માન્યો હતો.

## પીએચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના સાલૈયા ગામના રમેશભાઈ



એ. ચૌધરીએ 'ઉત્તર ગુજરાતના ચૌધરી સમાજનો અભ્યાસ' વિષય પરનો મહાનિબંધ ડૉ. માલદે ઓડેદરાના માર્ગદર્શન હેઠળ લખ્યો છે. જેને ગુજરાત યુનિવર્સિટીએ એવોર્ડ કરી રમેશભાઈ ચૌધરીને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ મહાનિબંધ ઉત્તર ગુજરાતના ચૌધરી સમાજનું પ્રથમ સામાજિક સંશોધન છે.

# સેક્ટર-૨માંથી બિનવારસી મળેલ બાળકને તેના પિતા પાસે ડુંગરપુર મોકલી અપાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સરકારી બાળ સંભાળ ગૃહમાં આશ્રય લઈ રહેલ રક્ષણની જરૂરિયાતવાળા બિનવારસી બાળક અનિલ ગોપાલભાઈ ડામોરને તેના મૂળ વતન રાજસ્થાનના ડુંગરપુર ખાતે પોલીસ સંરક્ષણ સાથે મોકલી આપવામાં આવ્યો છે. અગાઉ આ બાળક સેક્ટર-૨ માંથી બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો જેને બાળ કલ્યાણ સમિતિ દ્વારા અમદાવાદના શિશુગૃહ ખાતે આશ્રય આપવા મોકલી આપેલ હતો.

બાળક અનિલ ગોપાલભાઈ ડામોરની ઉંમર છ વર્ષ પૂર્ણ થતા બાળકને ગાંધીનગરના સરકારી બાળગૃહ ખાતે તબદીલ કરાયેલ જ્યાં સંસ્થાના અધિક્ષક પી.જે. ચૌધરીએ સંસ્થાના રસોયા વાય.એન. દવે મારફતે વાલીની શોધખોળ આદરી સેક્ટર-૨માં



મજૂરીકામ કરતા શ્રમજીવીઓ પાસેથી તેમજ ત્યાં ટી સ્ટોલ ચલાવતા કાળુજી મંગાજી ઠાકોરની મદદથી બાળકના પિતાની ભાળ મેળવી હતી. બાળકના પિતાને કામે રાખનાર કોન્ટ્રાક્ટરે બાળકને ઓળખી તેના પિતાનું સરનામુ આપતા નિવૃત્ત સનદી અધિકારી એચ.બી. વરિયાની મદદથી અને સંસ્થાકીય પી.ઓ. વી.ડી. પરમારના સંકલનથી બાળકને પોલીસ સંરક્ષણ સાથે ડુંગરપુરના બાળગૃહમાં મોકલી અપાયો છે.

## જીટીયુના સાત સ્ટાર્ટ અપને મળેલ સહાય

અમદાવાદ, તા. ૨૯

ગુજરાત ટેકનોજીકલ યુનિવર્સિટીના સાત સ્ટાર્ટ અપને ગુગલ ક્લાઉડની ૨૦ હજાર ડોલરની ક્રેડિટ પ્રાપ્ત થઈ છે. નવી મુંબઈમાં નાસકોમ તરફથી યોજવામાં આવેલા ગુગલ ક્લાઉડ પ્લેટફોર્મ વિશેના વર્કશોપ સીપી ૧૦૦માં દેશભરના સેંકડો સ્ટાર્ટ અપ દ્વારા અરજી કરવામાં આવી હતી, તેમાંથી ૫૦ની પસંદગી કરાઈ હતી. આમાં જીટીયુના સાત સ્ટાર્ટ અપ પસંદગી પામ્યા હતા.

# જન અધિકાર મંચ ૧૧મીએ ગાંધીગીરી દિવસ મનાવશે

ગાંધીનગર, તા. ૨૯

ફિક્સ નીતિ, કોન્ટ્રાક્ટ નીતિ, બેરોજગારી, ભ્રષ્ટાચાર, મોંઘવારી, શિક્ષણનું વ્યાપારીકરણ, કર્મચારીઓ અને ખેડૂતોનું થતું શોષણ. આ તમામ પ્રશ્નોને લઈને ગુજરાતની જનતા અને યુવાનો ત્રસ્ત બન્યા છે. યુવાનો અને જનતાના પ્રશ્નોને લઈને જન અધિકાર મંચ દ્વારા છેલ્લા ૧ વર્ષથી પ્રવિણ રામના નેજા હેઠળ લડત ચલાવવામાં આવી રહી છે.

ફિક્સ પે નીતિની નાબુદી માટે છેલ્લા ૩ વર્ષથી સુપ્રીમ કોર્ટમાં કેસ તારીખોમાં અટવાયેલો છે. પરંતુ આજદિન સુધી નિકાલ નથી આવ્યો. ન્યાયમાં વિલંબ એ ન્યાય ન મળવા સમાન છે અને આના લીધે ગુજરાતના ફિક્સ-પેની નીતિનો ભોગ બનેલા શોષિતોનો ન્યાયતંત્ર પરથી ભરોસો ઉઠતો જાય છે. વધુમાં આગામી ૧૨ જુલાઈના રોજ ફિક્સ-પે નો કેસ સુપ્રીમ કોર્ટમાં તેના અંતિમ પડાવ પર છે ત્યારે ૧૧ જુલાઈને સોમવારના રોજ ગુજરાતના તમામ જિલ્લાઓમાં કર્મચારીઓ જન અધિકાર મંચના નેજા હેઠળ પોતાના ઉપરી અધિકારીઓને પુષ્પ આપી સરકાર સુધી તેમની વ્યથા પહોંચાડવા ગાંધીગીરી રીતે રજૂઆત કરી આ દિવસને 'ગાંધીગીરી' દિવસ તરીકે ઉજવશે. તેમજ તમામ યુવાનો અને કર્મચારીઓ આ દિવસે ભગવાનને પણ પુષ્પ અર્પણ કરી યુવાનોના પ્રશ્નોના નિરાકરણ માટે સરકારને સદબુદ્ધિ આપે એવી પ્રાર્થના કરશે.

આજે યુવાનો ગાંધીચિંધ્યા માર્ગે ચાલી રહ્યા છે જેથી પ્રજાને મુશ્કેલી ના પડે અને સરકારની નાલેશી ના દેખાય. પરંતુ જો સરકાર પોતાનું વલણ નહિ બદલે અને ફિક્સ પે કોન્ટ્રાક્ટ પ્રથા જેવી નીતિઓ દ્વારા યુવાનોનું શોષણ બંધ નહિ કરે તેમજ પુરતા પ્રમાણમાં રોજગારીની તકોનું સર્જન કરી બેરોજગારી દૂર નહી કરે અને યુવાનોને ભ્રષ્ટાચાર, મોંઘવારી અને શિક્ષણના વ્યાપારીકરણથી રંજાડવાનું બંધ નહી કરે તો આગામી દિવસોમાં યુવાનો ભગતસિંહનો ક્રાંતિકારી માર્ગ અપનાવશે એવી ચીમકી જન અધિકાર મંચના પ્રદેશ પ્રમુખ પ્રવિણ રામ દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

# રાજ્યની ૩૯૮ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પ્રવેશ કાર્યવાહી પૂર્ણ

રાજ્યની ૨૮૫ સરકારી તેમજ ૧૧૩ ગ્રાન્ટ ઈન એઈડ મળી કુલ ૩૯૮ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ઓગસ્ટ-૨૦૧૬માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે તા. ૨૬ મે-૨૦૧૬થી તા. ૨૩ જુન-૨૦૧૬ દરમિયાન http://itiadmission.gujarat.gov.in વેબસાઈટ ઉપર ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. રોજગાર તાલીમ નિયામકશ્રીની કચેરી તથા ક્ષેત્રીય કચેરીઓ અને તાબાની સંસ્થાઓના સહયોગથી એન.સી.વી.ટી-૮૧ તથા જીસીવીટી-૬૭ મળી કુલ ૧૪૮ ટ્રેડોમાં ચાલુ વર્ષે ભરવાપાત્ર કુલ-૧૨૩૦૯૬ બેઠકો સામે કુલ ૩૬૭૨૬૧ ફોર્મ રજીસ્ટર્ડ થયાં હતાં. ગતવર્ષ કરતાં ૨૦૧૫૭ બેઠકો ઓછી ભરવા પાત્ર હોવા છતાં ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષ વધુ ૭૩૮૮૭ ઓનલાઈન ફોર્મ રજીસ્ટર્ડ થયા છે. સંબંધિત ઉમેદવારોની રૂબરૂ મુલાકાત સહિતની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરીને તા. ૧લી ઓગસ્ટ-૨૦૧૬થી પ્રવેશસત્ર શરૂ કરવામાં આવશે.



# માહિતી ખાતામાં ફરજ બજાવતા મોતીલાલ હરસિદ્ધિયા વયનિવૃત્ત

માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર ખાતે ડિસ્પેચરાઈડર તરીકે સેવારત મોતીલાલ હરસિદ્ધિયા વયનિવૃત્ત થતા તેમને શ્રીફળ અને સાકરના શુકન આપી ભાવભરી વિદાય અપાઈ હતી. આ પ્રસંગે અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલે મોતીલાલની સતત ૩૫ વર્ષથી વધુની સેવાઓ બિરદાવીને તેમનું નિવૃત્તી પછીનું જીવન સુખમય અને પ્રવૃત્તિમય રહે તેમજ સમાજપયોગી બને તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. વિદાય પ્રસંગે સંયુક્ત માહિતી નિયામક જી.આર. સંગાડા, નાયબ માહિતી નિયામક કમલેશભાઈ ભાવસાર સહિત સમગ્ર સ્ટાફે તેમની સાથેના સંસ્મરણો વાગોળી તેમના સુખમય નિવૃત્તીજીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. વયનિવૃત્ત થઈ રહેલા મોતીલાલ હરસિદ્ધિયાએ આ અવસરે તેઓની કારકિર્દી દરમ્યાન સતત સહયોગ આપનાર અધિકારીઓ અને સમગ્ર માહિતી ખાતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભાથીજી મહારાજના નામે બીડી બનાવતી કંપની સામે ક્ષત્રિય-ઠાકોર સેના નારાજ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ખેડા જિલ્લામાં વરસોલી ખાતે વી.આર. ટ્રેડીંગ નામે બીડી બનાવતી કંપની દ્વારા ક્ષત્રિય ઠાકોર સમાજના પુજનીય ગણાતા ભાથીજી મહારાજના ફોટા બીડીના પેકેટ પર છાપવા તથા એડર્વટાઈઝમાં પણ ભાથીજી મહારાજના ફોટાનો ઉપયોગ કરવા બાબતે વાંધો ઉઠાવી સમાજની ધાર્મિક લાગણી દુભાતી હોવાના આક્ષેપ સાથે આ ફોટા સત્વરે હટાવવા માંગ કરી છે. ભાથીજી મહારાજના ફોટા તથા નામનો ઉપયોગ તમાકુ જેવા વ્યસન સાથે જોડવાના કૃત્યનો વિરોધ કરતા ક્ષત્રિય- ઠાકોર સેનાએ કંપનીના માલિકો તથા મેનેજમેન્ટ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરતુ આવેદનપત્ર ગાંધીનગર જિલ્લા કલેક્ટરને આપ્યુ છે.

**ખેડા જિલ્લાની વી.આર.ટ્રેડીંગ દ્વારા ભાથીજી મહારાજના નામે બીડી બનાવી ફોટા સાથે જાહેરાત કરતા ક્ષત્રિય-ઠાકોર સેનાએ ધાર્મિક લાગણી દુભાવવા બદલ કંપની સામે કાર્યવાહી કરવા માંગ કરી**

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ગુજરાત ક્ષત્રિય-ઠાકોર સેના દ્વારા ક્ષત્રિય-ઠાકોર સમાજમાંથી વ્યસનના દૂષણને દૂર કરવા અભિયાન ચલાવાઈ રહ્યું છે. વળી, સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે હેતુથી ભાથીજી મહારાજ યુનિવર્સિટી સ્થાપવાની પણ જાહેરાત કરાઈ છે. ભાથીજી મહારાજ ક્ષત્રિય-ઠાકોર સમાજ માટે શ્રદ્ધાનું કેન્દ્ર તેમજ પૂજનીય છે ત્યારે ભાથીજી મહારાજનો ફોટો કે નામ તમાકુ, બીડી જેવી વ્યસનકારક વસ્તુ સાથે જોડીને કંપની દ્વારા ધાર્મિક લાગણી દુભાવવાનું કૃત્ય આચરાયું હોવાનું આવેદન પત્રમાં જણાવાયું છે. આવેદન પત્રમાં આ કૃત્યને સખત શબ્દોમાં વખોડવા સાથે કંપનીના માલિકો તથા મેનેજમેન્ટ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરાઈ છે. આ ઉપરાંત કંપની દ્વારા બજારમાં મુકાયેલ જથ્થાને પરત ખેંચવા અને આ બ્રાન્ડની બીડી સાથે જોડાયેલ ભાથીજી મહારાજના નામને હટાવવા સાથે કંપનીનું લાયસન્સ રદ કરવા ઉગ્ર માંગ કરવામાં આવી છે.

